# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 09/10/2026** **Morning : 7.10 to 7.20**
**Day : FRIDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **રિધ્ધિ ઉંધાડ** વાંચે છે.

---

1. **મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં આજે મંત્રીમંડળની બેઠક યોજાશે.**
2. **મહેસૂલી કર્મચારી મંડળની પડતર માંગણીઓ અંગે વિશેષ કમિટીની રચના કરવાનો સરકારનો નિર્ણય.**
3. **વલસાડ-વડનગર એક્સપ્રેસને અંકલેશ્વર ખાતે સ્ટોપેજ અપાતાં ઉત્તર ગુજરાતના મુસાફરોને મોટી રાહત.**
4. **નેશનલ ટેસ્ટિંગ એજન્સી દ્વારા UGC NET ડિસેમ્બર 2026 સત્ર માટે નોંધણીનો પ્રારંભ.**
5. **ક્રિકેટમાં, ભારત અને વેસ્ટ ઈન્ડિઝ વચ્ચે પાંચ મેચની T20 શ્રેણીનો આજે બીજો મુકાબલો.**

-----------------------------------------------------------------------------------

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ 7 વાગીને 45 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો..**

# CABINET MEETING

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં આજે મંત્રીમંડળની બેઠક યોજાશે.

બેઠકમાં રાજ્યમાં ઓછા વરસાદને કારણે ઊભી થયેલી સ્થિતિ, પાણી અને ઘાસચારાની ઉપલબ્ધતા, કૃષિ વાવેતરની સ્થિતિ તથા ખેડૂતો દ્વારા કેટલાક વિસ્તારોને અછતગ્રસ્ત જાહેર કરવાની કરવામાં આવેલી માંગ સહિતના મહત્વના મુદ્દાઓ પર ચર્ચા થવાની શક્યતા છે. આ ઉપરાંત આગામી તહેવારોની વ્યવસ્થા, અનાજ વિતરણ, યુનિફોર્મ સિવિલ કોડના અમલ બાદની પ્રક્રિયા તેમજ રાજ્ય સરકારના આગામી આયોજન અંગે પણ વિચારવિમર્શ કરવામાં આવશે.

બેઠક દરમિયાન પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના જાહેર જીવન અને શાસનના ૨૫ વર્ષ પૂર્ણ થવાના સંદર્ભમાં આભાર પ્રસ્તાવ રજૂ કરવામાં આવશે.

# MEETING

ગુજરાત રાજ્યના મહેસૂલી કર્મચારીઓ દ્વારા વિવિધ પડતર મુદ્દે ચાલી રહેલી હડતાલના સંદરભે રાજ્ય સરકારના પ્રવક્તા મંત્રી જીતુભાઈ વાઘાણીની અધ્યક્ષતામાં ગઇકાલે એક મહત્વપૂર્ણ ઉચ્ચસ્તરીય બેઠક યોજાઈ હતી.

આ બેઠકમાં લેવાયેલા નિર્ણયો અંગે વિગતો આપતા મંત્રી જીતુભાઈ વાઘાણીએ જણાવ્યું હતું કે,આ બેઠકમાં કર્મચારી મંડળની ગ્રેડ-પે અંગેની માંગણી સંદર્ભે મહેસૂલ વિભાગના અધિક મુખ્ય સચિવના અધ્યક્ષસ્થાને એક વિશેષ કમિટીની રચના કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. આ કમિટી મંડળ સાથે વિસ્તૃત વિગતો મેળવીને, રાજ્યના વિવિધ વિભાગો સાથે યોગ્ય સંકલન સાધીને પ્રશ્નોનો કાયમી અને દૂરોગામી ઉકેલ લાવવાની દિશામાં કાર્ય કરશે તથા ભવિષ્યમાં પણ કર્મચારી મંડળના પ્રશ્નો કે રજૂઆતો અંગે કમિટી સ્તરે નિયમિત સંવાદ જાળવશે.

# ANKLESHWAR - EXPERIMENTAL STOPPAGE

વલસાડ-વડનગર એક્સપ્રેસને અંકલેશ્વર ખાતે પ્રાયોગિક સ્ટોપેજ અપાતાં મહેસાણા-વડનગર સહિત ઉત્તર ગુજરાતના મુસાફરોને મોટી રાહત મળી છે. સાંસદ હરિભાઈ પટેલે કરેલી રજૂઆતને મંજૂરી મળતા તેમણે કેન્દ્રીય રેલવે મંત્રીનો આભાર માનતા આ નિર્ણયથી નોકરી-વેપાર માટે અંકલેશ્વર જતા લોકોને લાભ થશે અને સમય અને મુસાફરી ખર્ચમાં બચત થશે તેમ જણાવ્યું હતું.

## (BYTE: HARIBHAI PATEL)

*(વડનગરથી વલસાડ વચ્ચે દોડતી ટ્રેનને અંકલેશ્વર ખાતે સ્ટોપેજ આપવાની માંગણી ઘણા સમયથી કરવામાં આવી રહી હતી. આ અંગે તાજેતરમાં રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવ દ્વારા અંકલેશ્વર સ્ટોપેજની મંજૂરી આપવામાં આવી છે. ટૂંક સમયમાં જ આ સ્ટોપેજ અમલમાં પણ આવી જશે. વડનગર-વલસાડ ટ્રેનને અંકલેશ્વર ખાતે સ્ટોપેજ મળવાથી દક્ષિણ ગુજરાત અને ઉત્તર ગુજરાતના મુસાફરોને આવ-જા કરવા માટે મોટી અનુકૂળતા રહેશે.)*

# SEVA SANKALP ABHIYAN ONE DISTRICT ONE PRODUCT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના જાહેરમાં 25 વર્ષ પૂર્ણ થયા છે. તે અંગેની અમારી આ વિશેષ શ્રેણીમાં આજે અમે આપને જણાવીશું એક જિલ્લો એક ઉત્પાદન પહેલ અંગે.

## (CAPSULE: PRAVESH ADIACHA)

*(...દેશના તમામ જિલ્લામાં સંતુલિત પ્રાદેશિક વિકાસને પ્રોત્સાહન આપવા અને આત્મનિર્ભર ભારતના સંકલ્પને સાકાર કરવાના હેતુસર વર્ષ **2018**માં એક જિલ્લો એક ઉત્પાદન પહેલ શરૂ કરવામાં આવી. તે અંતર્ગત દરેક જિલ્લામાંથી વિશેષ ઉત્પાદનની પસંદગી કરાય છે અને તેને બ્રાન્ડિંગ અને પ્રચાર દ્વારા દેશ અને વિશ્વભરમાં લોકપ્રિય બનાવાય છે. આ અંગે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું હતું કે, આજે દરેક જિલ્લો પોતાના ઉત્પાદન પર ગર્વનો અનુભવ કરી રહ્યો છે.)*

***(BYTE: NARENDRA MODI, PRIME MINISTER)***

***(हमने वोकल फॉर लोकल का मंत्र दिया। आज मुझे खुशी है कि वोकल फॉर लोकल ने अर्थतंत्र के लिए एक नया मंत्र बन गया है। हर डिस्ट्रिक्ट अपनी पैदावार के लिए गर्व करने लगा है, वन के लिए एक नया मंत्र बन गया है। अब वन डिस्ट्रिक्ट वन प्रोडक्ट को वन डिस्ट्रिक्ट का वन डिस्ट्रिक्ट वन प्रोडक्ट का माहौल बना है। अब वन डिस्ट्रिक्ट वन प्रोडक्ट एक्सपोर्ट कैसे हो, उस दिशा में हर जिले सोचने लगे हैं।)***

*એક જિલ્લો એક ઉત્પાદન પહેલ સાથે જોડાયેલાં છોટાઉદેપુરનાં એક મહિલાની પ્રતિક્રિયા સાંભળીએ.*

***(BYTE: SONAL KHARADI)***

*(મારૂં નામ ખરાડી સોનલ. હું સંખેડાની રહેવાસી છું. અમારૂં જે સંખેડા ફર્નિચર છે, એ આખા વર્લ્ડમાં ફેમસ છે અને સંખેડા ફર્નિચરમાં જે લી કઈ વસ્તુઓની વેચાણ થાય છે, એમાં અમે સખી મંડળની બહેનો પણ બધું કામ કરીયે છીએ. જેમાં ઝૂલા છે, ડાઈનિંગ ટેબલ છે, સોફા સેટ, બાજટ, પાટલા, નાની નાની વસ્તુ લી ડાંડીયા છે, બંગડી સ્ટેન્ડ છે, અગરબત્તી સ્ટેન્ડ છે એવી નાની નાની વસ્તુનું પણ અમે વેચાણ કરીયે છીએ અને સખી મંડળના માધ્યમથી અમે સરસ મેળામાં પણ જઈએ છીએ અને વેચાણ કરીયે છીએ અને સખી મંડળના માધ્યમથી અમે સરસ મેળામાં પણ જઈએ છીએ, એમાં અમને ઓર્ડર્સ પણ મળે છે અને સારૂં અને સરસ મેળામાં જઈને અમે વેચાણ કરીયે છીએ, એમાં અમને ઓર્ડર્સ પણ મળે છે અને સારૂં એવું વેચાણ થાય છે.)*

પ્રવેશ અડિએચા, આકાશવાણી સમાચાર, અમદાવાદ.)

# PANCHMAHAL TB

કેન્દ્ર શાસિત પ્રદેશ દમણમાં ટીબી મુક્ત અભિયાન અંતર્ગત જિલ્લા પંચાયત ખાતે યોજાયેલા કાર્યક્રમમાં લોકોને ટીબી રોગના લક્ષણો, સારવાર અને તેના નિવારણ અંગે માહિતી આપવામાં આવી હતી.

આ પ્રસંગે ચીફ મેડિકલ ઓફિસર ડો. મેઘલ શાહે લોકોને સમયસર તપાસ તથા સારવાર માટે પ્રેરિત કર્યા હતા.

**(BYTE: DR. MEGHAL SHAH (CMO, HEALTH DEPARTMENT, DAMAN)**

*(દમણ, દીવ અને દાદરા નગર હવેલીની અંદર હેલ્થ ડિપાર્ટમેન્ટ દ્વારા જે ટીબી મુક્ત માટે જે સર્વે કરવામાં આવ્યું અને એ સર્વેની અંદર આ ચાર પંચાયતોને જે એવોર્ડ મળ્યા છે, એમાં પ્રથમ પંચાયત આવે છે ધુંડા પંચાયત અને બાકીની ત્રણ પંચાયત પરિયારી, દમણવાડા અને પટલાળા રાજ્યને શિલવાડા માટે મળ્યું છે. અને અમે ખરેખર બીજી પંચાયત સાથે મળીને દમણ દીવ અને દાદરા નગર હવેલીની અંદર આ ટીબી મુક્ત કરવાનું જે અભિયાન છે, એને પ્રશાસન દ્વારા અને આપણા દેશના પ્રધાનમંત્રી દ્વારા જ્યારે પણ આની અંદર અમારી જે પણ સહભાગી રહેશે, ગામની અંદર જાગૃતિ કરશું અને આપણા દમણ, દીવ અને દાદરા નગર હવેલી ટીબી મુક્ત બનાવીશું.)*

ગોધરામાં ટીબી મુક્ત ભારત અભિયાન અંતર્ગત **JOSH** ટીમનું લોન્ચિંગ કરવામાં આવ્યું છે. **BRGF** ભવન ખાતે યોજાયેલા કાર્યક્રમમાં ટીબી સામેની લડાઈમાં જનજાગૃતિ, સમયસર તપાસ અને યોગ્ય સારવારના મહત્વ પર ભાર મૂકાયો હતો. ટીબીનાં લક્ષણો જણાય તો તાત્કાલિક તપાસ કરાવી સારવાર લેવા અપીલ કરાઈ હતી. આ પ્રસંગે રાજ્યસભાના સાંસદ ડૉ. જશવંતસિંહ પરમાર, પંચમહાલના સાંસદ રાજપાલસિંહ જાદવ અને જિલ્લા આરોગ્ય અધિકારી સહિત મહાનુભાવો હાજર રહ્યા હતા.

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

ગોન્ગ મ્યુઝિક

....................................

ડેસ્ક

# AN IMPORTANT ANNOUNCEMENT

પ્રાદેશિક સમાચાર વિભાગ તરફથી એક અગત્યની જાહેરાત.

**(VC : PTC JAHERAT NEWS RNU)**

# NATURAL FARMING SYMPOSIUM

રાજ્યપાલ આચાર્ય દેવવ્રતની ઉપસ્થિતિમાં આજે બેડી માર્કેટિંગ યાર્ડ ખાતે ‘પ્રાકૃતિક કૃષિ પરિસંવાદ’ યોજાશે

ગુજરાત પ્રાકૃતિક કૃષિ વિકાસ બોર્ડ, રાજકોટ અંતર્ગત પ્રાકૃતિક કૃષિના વ્યાપ અને જાગૃતિ અર્થે ‘પ્રાકૃતિક કૃષિ પરિસંવાદ’નું આયોજન કરવામાં આવ્યું છે.આ કાર્યક્રમમાં રાજકોટ તાલુકાના સરપંચો, કૃષિ સખીઓ, કોમ્યુનિટી રિસોર્સ પર્સન, ફાર્મર માસ્ટર ટ્રેનર્સ તેમજ મોટી સંખ્યામાં ખેડૂત ભાઈઓ અને બહેનો ઉપસ્થિત રહેશે.

રાજ્યપાલ આચાર્ય દેવવ્રત આ પ્રસંગે ઉપસ્થિત ખેડૂતોને દેશી ગાય આધારિત પ્રાકૃતિક ખેતીના વિવિધ આયામો, જીવામૃત, ઘનજીવામૃતનું મહત્વ અને ઓછા ખર્ચે વધુ ઉત્પાદન મેળવવા સહિતના કૃષિ વિષયો પર પ્રેરક માર્ગદર્શન આપશે.

# RAJKOT VRUKHAROPAN GOVERNOR

રાજ્યપાલ આચાર્ય દેવવ્રતએ રાજકોટ તાલુકાના ગઢકા ગામે ‘એક પેડ મા કે નામના ત્રીજા તબક્કા અંતર્ગત વૃક્ષારોપણ કરી પર્યાવરણ જતનનો સંદેશ આપ્યો. રાજ્યપાલશ્રીના હસ્તે બહેડાના રોપાનું વાવેતર કરવામાં આવ્યું હતું. આ અભિયાન હેઠળ **17** જાતના અંદાજે **850** રોપાઓનું વાવેતર કરવામાં આવ્યું છે.

આ તકે રાજ્યપાલશ્રીએ જણાવ્યું હતું કે, હાલ સમગ્ર વિશ્વ સામે ગ્લોબલ વોર્મિંગ સૌથી ગંભીર પ્રશ્ન છે.આ વૈશ્વિક સંકટમાંથી બચવાનો શ્રેષ્ઠ ઉપાય વૃક્ષારોપણ અને પ્રાકૃતિક ખેતી છે.આપણા પરિવારમાં  કોઈપણ શુભ પ્રસંગો અને તહેવારો પર એક વૃક્ષ અવશ્ય વાવી પોતાના સ્વજનની જેમ તેનું જતન કરી ઉછેરવું જોઈએ.

# UGC NET

નેશનલ ટેસ્ટિંગ એજન્સીએ **UGC NET** ડિસેમ્બર 2026 સત્ર માટે નોંધણીનો પ્રારંભ કર્યો છે. લાયક ઉમેદવારો જુનિયર રિસર્ચ ફેલોશિપ, આસિસ્ટન્ટ પ્રોફેસરશીપ અથવા પીએચડી પદો માટે વેબસાઇટ ugcnet.nta.nic.in દ્વારા ઓનલાઇન અરજી કરી શકે છે.

અરજી કરવાની છેલ્લી તારીખ 28 ઓક્ટોબર છે. પરીક્ષા 14 થી 19 ડિસેમ્બર દરમિયાન યોજાશે.

અરજદારો વધુ માહિતી સત્તાવાર વેબસાઇટ પરથી મેળવી શકશે.

# ARVALLI NAVRATRI

નવરાત્રીને હવે જ્યારે ગણતરીના દિવસો બાકી છે ત્યારે ખેલૈયાઓમાં ઉત્સાહ જોવા મળી રહ્યો છે અરવલ્લી જિલ્લામાં અલગ અલગ જગ્યાએ ખેલૈયાઓ ગરબાના અવનવા સ્ટેપ્સ શીખી રહ્યા છે. મોડાસામાં વિવિધ જગ્યાએ નવરાત્રી મહોત્સવનું આયોજન થવાનું છે તે પહેલા ખેલૈયાઓએ નવરાત્રીની પૂરી તૈયારી કરી લીધી છે.

## (BYTE – SEEMA KEVLANI, KHELAIYA)

*(ગર્ભા એ શાંતિ, સુખ, આનંદ અને ઉત્સાહ અને ઉલ્લાસનો જે તહેવાર છે, એમાં આપણે ખૂબ જ આનંદથી ગર્ભા કરતા હોઈએ છીએ. અને નવરાત્રીના જે દિવસો છે, એ બહુ જ થોડા જ બાકી છે, કારણ કે અમે બહુ જ એક્સાઈટેડ છીએ કે અમે લોકો હવે આગળ કેવી રીતે સરસ ગર્ભા રમીશું. અલગ-**अलग** જગ્યાએ જે પાર્ટી પ્લોટસમાં ગર્ભા રમાડવાના છે, અમે નવા-નવા ગર્ભા શીખીશું.)*

# CRICKET

ભારત અને વેસ્ટ ઇન્ડીઝ વચ્ચે પાંચ મેચની T 20 ક્રિકેટ શ્રેણીનો બીજો મુકાબલો આજે રાંચીના જેએસસીએ ઇન્ટરનેશનલ સ્ટેડિયમ ખાતે રમાશે. આ મેચ ભારતીય સમય મુજબ સાંજે 7:00 વાગ્યે શરૂ થશે.

પ્રથમ મેચ જીતીને ભારત શ્રેણીમાં 1-0થી આગળ છે.

# PANCHMAHAL PAVAGADH MOKDRIL

યાત્રાધામ પાવાગઢ ખાતે નવરાત્રીના પર્વ અને લોકોની ભીડને ધ્યાનમા રાખીને સુરક્ષા અને આપાતકાલીન પરિસ્થિતિને પહોંચી વળવા માટે તારાપુર દરવાજાથી ત્રિકોણિયા રસ્તા સુધી મોકડ્રિલનુ આયોજન કરવામા આવ્યુ હતું. આ મોકડ્રિલમા પોલીસ વિભાગ, ફાયરબ્રિગેડ, **108**, આરોગ્ય ટીમ સહિતના તમામ બચાવ દળો જોડાયા હતા.

# WEATHER UPDATE

હવામાન વિભાગ દ્વારા આગામી સાત દિવસ તાપમાનમાં મોટા ફેરફારની શક્યતા નહીંવત્ હોવાનું જણાવાયું છે.

દરમિયાન રાજ્યના અનેક જિલ્લામાં મહત્તમ તાપમાન 35 ડિગ્રી સેલ્સિયસથી વધુ નોંધાયું છે. ગત 24 કલાકમાં રાજ્યમાં સૌથી વધુ 38 ડિગ્રી સેલ્સિયસ તાપમાન રાજકોટ, સુરેન્દ્રનગર અને બનાસકાંઠાના ડીસામાં નોંધાયું. તો, અમદાવાદમાં મહત્તમ તાપમાન 37 ડિગ્રી સેલ્સિયસ તાપમાન રહ્યું છે.